**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૪ ટકા

# શહેરમાં પ્રજાસત્તાક દિને ત્રિરંગો લહેરાયો

## શહેરની શાળાઓ દ્વારા રંગારંગ કાર્યક્રમ યોજાયો : ગાંધીનગર પોલીસ દ્વારા ડોગ શો અને હોર્સ શો પણ રજુ કરાયા









ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં ૬૮મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉત્સાહ પૂર્વક ઉજવણી ગાંધીનગરના રામકથા મેદાન, સેકટર-૧૧ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉદ્યોગ, ખાણ ખનીજ અને નાણાં વિભાગના રાજય મંત્રી શ્રી રોહિતભાઈ પટેલે રાષ્ટ્ર ધ્વજ ફરકાવીને સલામી આપી હતી. મંત્રીશ્રીએ સ્વતંત્ર અખંડ ભારતના નિર્માણ અને દેશને આઝાદી અપાવનાર શહીદોને સલામ અને નમન કરવાના આ પવિત્ર દિવસે શ્રધ્ધાંજલિ આપી તેમના ચરણોમાં શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી દ્વારા ગાંધીનગર જિલ્લાના વિકાસ કામો માટે કલેકટર શ્રી સતીશ પટેલને રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો.

મંત્રી શ્રી રોહિતભાઈ પટેલે જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ અને જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિહ યાદવની સાથે ખુલ્લી જીપમાં માર્ચ પાસ્ટ પરેડને સલામી આપી હતી. પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સહભાગી બનનાર સર્વે નગરજનોનું અભિવાદન ઝીલ્યું હતું.

આ પ્રસંગે પર્યાવરણ અને વનીકરણ, સલામતી અને સુરક્ષા, ટ્રાફિક નિયમો, શિક્ષણ, પાણી પુરવઠા, આરોગ્ય, ડીજીટલ પેમેન્ટ, ગ્રામ વિકાસ અને વીજળી સંબંધિત ટેબ્લોઝ રજૂ થયા હતા. જેમાં આરોગ્યના ટેબ્લોઝને પ્રથમ ક્રમ મળ્યો હતો. તેમજ પર્યાવરણ અને વનીકરણ અને ટ્રાફિક નિયમોના ટેબ્લોઝને અનુક્રમે બીજો અને ત્રીજો ક્રમ મળ્યો હતો. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે જિલ્લાની વિવિધ શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જેમાં કામેશ્વર ઈન્ટરનેશનલ, સ્કુલ, સરગાસણ દ્વારા રોપ મલખમ, માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ, સેકટર-૨૧, કેન્દ્રીય વિદ્યાલય, સ્કુલ ઓફ એચીવર, કુડાસણ, સ્વસ્તિક હાઈસ્કુલ, મોટેરા, સ્વામી નારાયણ ગુરૂકુળ, સેકટર-૨૩, શ્રીમતી આર.જી. કન્યા વિદ્યાલય, સેકટર-૨૩ અને જવાહર નવોદય વિદ્યાલય, સામેત્રી શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ ગાંધીનગર પોલીસ દ્વારા ડોગ શો અને હોર્સ શો પણ રજૂ કરવામાં આવ્યા હતા.

મંત્રીશ્રીના હસ્તે ગાંધીનગરના સ્વાતંત્ર્ય સેનાની અને વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર અધિકારી, ખેલાડીઓ, બેંક મિત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપર્વમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ શ્રી સંજીવકુમાર, રાજય સરકારના વરિષ્ઠ અધિકારી સર્વ શ્રી જયંતિ રવિ, સંજીવ પ્રસાદ, એસ. અર્પણા, એસ.જે.હૈદર, પી.કે.તનેજા, ધનંજય ત્રિવેદી, આર.સી.મીના, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈ, પ્રાંત અધિકારી શ્રી રાકેશકુમાર વ્યાસ સહિત મોટી સંખ્યામાં જિલ્લા કક્ષાના અધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## દ્વારકેશ રેસીડેન્સીમાં ગણતંત્ર દિવસની ઉજવણી

ગાંધીનગરના વાવોલ ખાતેની દ્વારકેશ રેસીડેન્સી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રજાસત્તાક દિનની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સોસાયટીના રહીશો તથા ભૂલકાંએ રેલીનું આયોજન કર્યું હતું. ધ્વજવંદન કાર્યક્રમ બાદ સોસયટીના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં સોસાયટીના રહીશોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે સોસાયટીના પ્રમુખ સંજયભાઈ પંડયા તથા અન્ય કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.



## શહેરમાં આવતીકાલે પોલિયો રસીકરણ અભિયાન

ગાંધીનગર, તા.૨૭

પોલિયો નાબૂદી અભિયાન અન્વયે ૨૯ જાન્યુઆરીને રવિવારે પોલિયો રસીકરણ યોજાશે. સમગ્ર જિલ્લામાં પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને પોલિયોની રસીનાં બે ટીપાં પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લાના કુલ ૮૦૯ બુથ નક્કી કરેલ છે. જેમાં ૧૦૧ મોબાઈલ ટીમ દ્વારા અંદાજે ૧૯૦૦૦૦થી વધુ બાળકોને પોલિયોની રસીથી આવરી લેવામાં આવશે. નજીકના પોલીયો બુથ પર જઈ પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને રસી પીવડાવવા જાહેર અપીલ કરવામાં આવી છે. ઈંટોના ભઠ્ઠા અને નવા ચાલુ બાંધકામ વિસ્તારોમાં આવતા બાળકોને મોબાઈલ ટીમ મારફતે આવરી લેવામાં આવશે. એક પણ બાળક રસીથી વંચિત રહી ન જાય તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## એસ.ટી. ડેપો પાછળ કારની અડફેટે પ્રૌઢાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર એસ.ટી.ડેપો પાછળના માર્ગ પરથી ગઈ કાલે ચાલતા જઈ રહેલી પ્રૌઢાને એક ઈઓન કારે અડફેટે લીધી હતી. ગંભીર હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલા ૫૫ વર્ષીય પ્રૌઢાનું સારવાર દરમિયાન કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. આ મામલે સે-૭ પોલીસે ઈઓન કાર



ચાલક સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ પણ કરી લીધી છે. તો બીજી તરફ પ્રૌઢાનો મૃતદેહ પી.એમ. કરાવી કોલ્ડ સ્ટોરેજમાં મુકવામાં આવ્યો છે. મૃત્યુ પામેલી પ્રૌઢાના વાલી વારસ હજુ સુધી મળ્યા નથી. તેમના જમણા હાથ પર 'કેસરબેન' લખેલું છે. સે-૭ પોલીસે તેને આધારે ઓળખવિધી માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## આજે ચરેડી આંગણવાડી ખાતે વિનામૂલ્યે નેત્રયજ્ઞ

ગાંધીનગર, તા.૨૭

ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર તથા જિલ્લા અંધત્વ નિયંત્રણ સમિતિ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આજે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાકે, આંગણવાડી, ચરેડી છાપરા ફાટક પાસે મંદિરની બાજુમાં આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરની આ શાખા દ્વારા આજે આ વિસ્તારમાં 'મફત આંખની તપાસ તથા મોતીયાનું ઓપરેશન કેમ્પ' થશે. આ સેવાકીય કાર્યની શરૂઆત ગાંધીનગરના ધારાસભ્ય અશોકભઈ પટેલ, કોર્પોરેટર હર્ષાબા ઝીલુભા ધાંધલ, અગ્રણી બિલ્ડર કેતનભાઈ ધોળુ અને વિજયભાઈ પટેલ દ્વારા દિપ પ્રાગટયથી થશે. આ આયોજનમાં નેત્ર નિદાન કેમ્પ ગાંધીનગર જિલ્લાના અંધત્વ નિયંત્રણ સમિતિના પ્રોગ્રામ ઓફિસર ડૉ. શિલ્પાબેન ભટ્ટ ભાગ લેશે.

## મધુર ડેરી ખાતે ૨૬મી જાન્યુઆરીની ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

મધુર ડેરી ખાતે પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાષ્ટ્રભાવના ધરાવતા ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ આર. રાણા તેમજ નિયામક મંડળના સદસ્યો દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રવંદન કર્યા હતા. સંસ્થાના મેનેજીંગ ડિરેકટર રોહિત મહેતાએ નિયામક મંડળના સભ્યોને આવકાર્યા હતા. સર્વ કર્મચારીગણને જણાવ્યું હતું કે આપણે જે ફરજ બજાવીએ છીએ તે ફરજ પ્રત્યે સંપૂર્ણપણે વફાદાર રહીએ તદ ઉપરાંત ઉચ્ચ નિતિમત્તા, સંપૂર્ણ કાર્યનિષ્ઠા, અડગ ફરજપાલન અને નિઃસ્વાર્થ સહકારની ભાવના સાથે કાર્ય કરવા સંસ્થાના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ સર્વેને પ્રજાસત્તાક દિનની શુભેચ્છા પાઠવી હતી અને મધુરડેરીને આંતરરાષ્ટ્રીય ફલક ઉપર લઈ જવા અંગે પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં દેશભકિત ગીત રજુ કરી કર્મચારીઓએ દેશપ્રેમનું વાતાવરણ ઉભું કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હંસાબેન પટેલે કર્યું હતું.





## સેકટર-૬માં રહેતી પરિણીતાનો ગળે ફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા.૨૭

શહેરનાં સેકટર-૬ ખાતે રહેતી ૨૮ વર્ષીય પરિણીતાએ બે દિવસ અગાઉ પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન લીલા સંકેલી નાંખતા ચકચાર મચી જવા પામી છે. પરિણીતાએ કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ બહાર આવી નથી. જો કે લગ્નગાળો પાંચ વર્ષથી ઓછો હોવાથી ગાંધીનગર ડીવીઝનના ડીવાયએસપીએ ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૬એ પ્લોટ નં. ૪૫૦/૧ ખાતે રહેતા ૨૮ વર્ષીય પરિણીતા તન્વીબેન મયંકભાઈ ભાવસારે ૨૫ જાન્યુઆરીએ સાંજે આઠથી દસ વાગ્યાના સમયગાળા દરમિયાન પોતાના ઘરમાં જ આપઘાત કરી લીધો હતો. તન્વીબેને પોતાના

**આપઘાતનું કારણ અકબંધ : ડીવાયએસપીએ તપાસ શરુ કરી**

રૂમમાં ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ પોલીસને થતા સે-૭ પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. મૃતક પરિણીતાનો લગ્નગાળો પાંચ વર્ષથી ઓછો હોવાનું જાણવા મળતા આ ઘટના અંગે ડીવાયએસપી વિજય પટેલે તપાસ શરુ કરી છે. જો કે આપઘાત કરવા પાછળનું કારણહજુ અકબંધ છે. પોલીસે આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ આરંભી છે.

## હાજીપુર પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી સંપન્ન



ગાંધીનગર, તા.૨૭

હાજીપુર પ્રાથમિક શાળામાં 'પ્રજાસત્તાક દિન'ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૧૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં મહેમાનશ્રીઓ તરીકે ડેલીગેટ, સરપંચ, ડેપ્યુટી સરપંચ, એસએમસીના સભ્યો, ગ્રામજનો અને હાજીપુર ગામની આસપાસ વિવિધ કંપનીના માલિકો હાજર રહ્યા હતા. લોકફાળો રૂ. ૫૫૦૦ આવ્યો હતો. આ ઉપરાંત ઓફિસને ટેબલ-ખુરશીની ભેટ સરપંચ ડેપ્યુટી સરપંચ તરફથી મળી હતી. આ ઉપરાંત કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને કંપાસબોક્ષ સરપંચ-ડેપ્યુટી સરપંચ તરફથી નોટબુક ક્ષત્રિય ઠાકોર સેના તરથી અને વિવિધ રોકડ પણ ગ્રામજનો તરફથી પ્રાપ્ત થઈ હતી. આમ ખૂબ જ સરસ રીતે આ કાર્યક્રમ પૂર્ણ થયો હતો. જે દાન બદલ આચાર્યશ્રી ભૂમિકાબેન જોષીએ દાતાઓનો આભાર માન્યો હતો.

'દીકરીની સલામ દેશને નામ' કાર્યક્રમની ઉજવણી કરવા અંતર્ગત હાજીપુર ગામમાં સૌથી વધુ ભણેલી દીકરી જાગૃતિબેન સરદારજી ઠાકોરનું સન્માન મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી કરવામાં આવ્યું હતું. આ સન્માન ભૂમિકાબેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

## બાળકોને શિક્ષણની સાથે જીવનના મુલ્યો શીખવાડો : કાજલ ઓઝા વૈધ

### ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વાર્ષિકોત્સવ પ્રસંગે હાજર રહેલા વિદ્યાર્થીઓ અને વાલીઓને કાજલ ઓઝા વૈધે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું

ગાંધીનગર, તા.૨૭

બાળકોને વડીલોનું સન્માન કરતા અને સાચુ બોલતા શીખવાડવું જોઈએ. બાળકો તમે કહો છો તેમ નથી કરતા પણ તમે કરો છો તેમ કરે છે. પ્રોપર્ટી કે મિલ્કત આપવાની સાથે તેમને જીંદગીના મુલ્યો અંગે સમજ કેળવાય તે પણ અનિવાર્ય છે તેમ આજે કાજલ ઓઝા વૈધે ગાંધીનગર ઈન્ટરનેશલન પબ્લીક સ્કુલના વાર્ષિકોત્સવ પ્રસંગે જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજ રોજ ગાંધીનગર ઈન્ટરનેશનલ શાળાના વાર્ષિકોત્સવ વાયબ્રન્ટ જીઆઈપીએસ-૨૦૧૭ની ઉજવણી પ્રસંગે આવેલ અતિથિ કાજલ ઓઝા વૈધે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે આજની યુવા પેઢી વિવિધ વ્યસનો કરીને પોતાનો સમય અને જીંદગી બરબાદ કરી રહ્યા છે. ત્યારે દરેક વ્યકિતના જીવનમાં પરિવર્તન જરુરી હોય છે પરિવર્તન થકી જીવનમાં વિકાસ થાય છે ત્યારે બાળકો તેમજ વાલીઓને ગુજરાતી ભાષા, સંસ્કૃતિ, સંસ્કાર અને જીવનના મુલ્યો વિશે સમજણ પુરી પાડી હતી. જયારે વાર્ષિકોત્સવમાં શાળામાં અભ્યાસ કરતા ૨૫૦થી વધારે બાળકોએ ભાગ લીધો હતો. જેમાં પંજાબી ભાંગડા, ગુજરાતી ગરબા, મરાઠી લાવણી, નાટક, વિવિધ ફીલ્મી ગીતો પર ડાન્સ રજુ કર્યો હતો. નાના બાળકોની સુંદર પ્રસ્તુતી જોઈને હાજર સૌ કોઈએ ભુલકાઓને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. જયારે સ્પોર્ટસમાં વિદ્યાર્થીઓના પિરામીડ, કુહુ, જીમનેસ્ટિક, કરાટેના સુંદર કરતબો નિહાળીને વાલીઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

આ પ્રસંગે શાળામાં અભ્યાસ કરતા કે.જી.થી લઈને ઉચ્ચતર માધ્યમિક સુધીના તેજસ્વી તારલાઓને પ્રમાણપત્ર અને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી, ચેરમેન, મેનેજીંગ ડિરેકટર અને શાળાના આચાર્યાએ અભિનંદન પાઠવ્યા હતા. જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્ટાફના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.







## ચિરવિદાય

- સ્વ. સવધાનજી મેરાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. ગણપતભાઈ શુકરભાઈ પોયરે, ઉ.વ.૮૦
- સ્વ. શાંતાબેન ગાભાજી ઠાકોર, ઉ.વ. ૮૫